# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૧૭/૦૧/૨૦૧૪ સમય:૧૦:૩૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૧૭/૦૧/૨૦૧૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પ્રથમ મીટિંગ મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૭/૦૧/૨૦૧૪ને શુક્રવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા.કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ગુજરાત સરકારના સચિવશ્રી ઉચ્ચશિક્ષણ<br>મા. શ્રી ડી.એમ.સોલંકી<br>(સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| ૩. | ગુજરાત સરકારના સચિવશ્રી નાણાવિભાગ<br>મા. શ્રી જે.ડી.દવે<br>(પ્રતિનિધિ-નાણા વિભાગ, નાણા સલાહકાર) | સભ્યશ્રી | હાજર |
| ૪. | ઉચ્ચશિક્ષણ કમિશનર ગુજરાત રાજ્ય<br>મા. શ્રી ડી.એમ.સોલંકી<br>(સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| ૫. | મા.ડૉ.ધનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા.શ્રી નીપાબેન મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૭. | મા. ડૉ.સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. ડૉ.મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | હાજર |
| ૯. | મા.શ્રી એમ.જી.વ્યાસ<br>(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર(I/C) ) | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | મા.શ્રી અમિત આઇ.જાની<br>(રજિસ્ટ્રારશ્રી(I/C) ) | સભ્ય સચિવશ્રી | હાજર |

- આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ(મિનિટ્સ) સામેલ છે.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૧૭/૦૧/૨૦૧૪

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

બાબત ક્રમાંક:૧- બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯ને કલમ-૨૬(૧)(૫) મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના એક સભ્યને નાણાસમિતિમાં નામનિયુક્ત કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે
બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯ને કલમ-૨૬(૧)(૫) મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્ય શ્રી ડૉ.ઘનશ્યામભાઇ ડી. રાવલને નાણાસમિતિમાં નામનિયુક્ત કરવામાં આવે છે

બાબત ક્રમાંક:૨- : બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯ને કલમ- ૪૭(૨)(ખ) મુજબ યુનિવર્સિટીના ફર્સ્ટ સ્ટેચ્યુટ પાર્ટ- ૧ને ચર્ચા કરી બહાલી આપવા બાબત.

ઠરાવ ક્રમાંક-૨ આથી સર્વાનુમતે યુનિવર્સિટીના ફર્સ્ટ સ્ટેચ્યુટ પાર્ટ- ૧ને ચર્ચા કરી બહાલી આપવામાં આવી.

બાબત ક્રમાંક:3- : બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯ને કલમ- ૪૭(૨)(ખ) મુજબ ફાઇનાન્સને લગતા કામચલાઉ સ્ટેચ્યુટ પરિપત્ર-૧ અને પરિપત્ર-૨ને બહાલી આપવા બાબત.

ઠરાવ ક્રમાંક-3 આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે ફાઇનાન્સને લગતા કામચલાઉ સ્ટેચ્યુટ પરિપત્ર-૧ અને પરિપત્ર-૨ને નાણાસમિતિમાં મૂકવા જણાવવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૪- : જાણ સારુ- ડૉ.નિકુંજ પટેલ એમનીલ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા બાળ વિશ્વવિદ્યાલયને 'તપોવન વિસ્તરણ સેવા' પ્રવૃત્તિ માટે બોલેરો જીપ ખરીદવા માટે અપાયેલું દાન રૂા. ૭,૨૯,૬૯૧/- મા.કુલપતિશ્રીએ બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ- ૨૨(૧)(ગ) મુજબ કરેલી સ્વીકાર્યું છે.

ઠરાવ ક્રમાંક-૪ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓએ આ બાબતની નોંધ લઇને મા.કુલપતિશ્રીને અભિનંદન પાઠવ્યા, તેમજ દાતાશ્રીનો આભાર માનવામાં આવ્યો.

બાબત ક્રમાંકઃ૫- : બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પરિસરમાં તપોવન સંશોધન કેન્દ્ર શરૂ કરવા બાબત તેમજ ગુજરાતમાં અન્ય સ્થાનો પર પણ જયાં 'તપોવન સંશોધન કેન્દ્રો ' શરૂ કરવાની માગણી આવે ત્યાં યોગ્ય ચકાસણીને અંતે તપોવન સંશોધન કેન્દ્રો મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૫ બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પરિસરમાં તપોવન સંશોધન કેન્દ્ર શરૂ કરવા માટે ઠરાવવામાં આવ્યું અને તેવી જ રીતે ગુજરાતનાં અન્ય સ્થાનો પર તપોવન સંશોધન કેન્દ્રોની માગણી આવે ત્યાં ચકાસણી કરી નવાં તપોવન સંશોધન કેન્દ્રો મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં તપોવન કેન્દ્રોના પ્રોજકટ માટે નીચે દર્શાવેલા માળખા માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવાનું ઠરાવવામાં આવ્યું અને તેમાં ભવિષ્યમાં કરવામાં આવેલ નિયુક્તિઓ માટે લાયકાત અને મહેનતાણા નક્કી કરવા સહિતની તમામ સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

## તપોવન પ્રકલ્પનું માળખું

(૧) તપોવન સંશોધન કેન્દ્ર (વિવિધ સ્થાનો પર કેન્દ્રોનું નિર્માણ)

(૨) તપોવન વિસ્તરણ સેવા (વાહન દ્વારા ગર્ભશિક્ષણ-જાગૃતિ)

**(૧) તપોવન સંશોધન કેન્દ્ર**

| | | | |
|---|---|---|---|
| માનવશક્તિ- | પ્રાંતીય સંયોજક | :- | ૦૧ |
| | કેન્દ્ર પ્રકલ્પ સંયોજક (ગાંધીનગર કેન્દ્ર સહિત) | :- | ૧૧ |
| | Leave Reserve સંયોજક | :- | ૦૨ |
| | પ્રવાસી સંશોધન મદદનીશ | :- | ૦૬ |
| | Statistical Analyst | :- | ૦૧ |
| | કુલ | :- | ૨૧ |

**(૨) તપોવન વિસ્તરણ સેવા**

| | | | |
|---|---|---|---|
| માનવશક્તિ- | ચલ પ્રકલ્પ સંયોજક | :- | ૦૧ |
| | ચલ મદદનીશ પ્ર.સં | :- | ૦૧ |
| | ડ્રાઇવર | :- | ૦૧ |
| | | | ૦3 |

આ ઉપરાંત તારીખ ૬ અને ૭, જાન્યુઆરી,૨૦૧૪ના રોજ મળેલી તપોવન સંશોધન કેન્દ્રના પ્રકલ્પ સંયોજકો માટેની પસંદગી સમિતિએ પસંદ કરેલા નવ(૯) પ્રકલ્પ સંયોજકોની નિમણૂક બાબતે પણ ચર્ચા થઇ અને એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે તેઓને મા.કુલપતિશ્રીએ નક્કી કરેલા મહેનતાણા મુજબ કરાર આધારિત નિમણૂક આપવાનું ઠરાવવામાં આવ્યું.

આ બાબતમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે આંગણવાડી બહેનોનું સર્ટીફિકેશન કરવું અને તે દિશામાં વિશ્વવિદ્યાલય દ્વારા કાર્યવાહી કરવી.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૧૭/૦૧/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૬- : બાળ વિશ્વવિદ્યાલયની કલમ- ૨૨(૧)(જ) વિશ્વવિદ્યાલયના કામકાજના સંચાલન માટે જરૂરી મકાનો, જગાઓ, રાચરચીલું, ઉપકરણો અને બીજાં સાધનો માટે જોગવાઇ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવા બાબત.

ઠરાવ ક્રમાંક-૬ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ-૨૦૦૯ની કલમ- **૨૨(૧)(જ) મુજબ** વિશ્વવિદ્યાલયના કામકાજના સંચાલન માટે જરૂરી મકાનો, જગાઓ, રાચરચીલું, ઉપકરણો અને બીજાં સાધનો માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

તારીખઃ ૧૭/૦૧/૨૦૧૪

સ્થળઃ- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)